## વાત્રક કોવિડ હોસ્પિટલમાં ડોક્ટરની અછતથી

# સરસોલીના દર્દીનું મોત, હોબાળો મચ્યો

### પૂરતો સ્ટાફ ન હોય તો કોવિડ હોસ્પિટલ બંધ કરો, ૪૨ હજારનું ઈન્જેક્શન મળ્યું પરંતુ તજજ્ઞ ડૉક્ટરના અભાવે જીવ ગુમાવ્યો : વેન્ટીલેટર આપ્યું પરંતુ ઓપરેટ કરનારો સ્ટાફ નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

વાત્રક કોવિડ હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. ગત રોજ બાયડ તાલુકાના સરસોલીના અલ્પેશ પ્રેમજીભાઈ પટેલનું સારવાર દરમ્યાન મોત નિપજતાં પરિવારજનોએ હોસ્પિટલની બહાર રાત્રે હોબાળો મચાવી દીધો હતો. દર્દીને બચાવવા માટે મધ્યમ વર્ગીય પરિવારે તાબડતોબ હિંમતનગરથી રૂા.૪૨ હજારનું ઈન્જેક્શન લઈને આવ્યા પરંતુ એમ.ડી. ફીજીશીયન તબીબના અભાવે અન્ય સ્ટાફે ઈન્જેક્શન મૂકવાનો ઈન્કાર કરી દીધો હતો. હોસ્પિટલમાં વેન્ટીલેટર છે પરંતુ ઓપરેટ કરનારો સ્ટાફ ન હોવાથી દર્દીઓને બચાવી શકાતા નથી. ગત રોજની ઘટનાએ અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની પોલ ખોલી નાખી છે. તજજ્ઞ સ્ટાફનો અભાવ સહિત અનેક અસુવિધાઓથી સરકારી કોવિડ હોસ્પિટલો ચાલી રહી છે અને દર્દીનું મોત નિપજે એટલે નર્સ સહિતનો સ્ટાફ રોષનો ભોગ બની રહ્યા છે.

ગંભીર રોગચાળામાં વાત્રક હોસ્પિટલ ગરીબ, મધ્યમ અને અમીર વર્ગ માટે આશીર્વાદરૂપ બની છે. પરંતુ છેલ્લા ૫ દિવસથી વાત્રકમાં શરૂ કરાયેલી કોવિડ હોસ્પિટલના કારણે હોસ્પિટલની ગરીમાને ભારે નુકસાન થયું છે. બે દિવસ અગાઉ સરસોલીના અલ્પેશ પટેલને કોરોનાનું સંક્રમણ થતાં સારવાર માટે કોવિડ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ગત રોજ એકાએક તબિયત લથળી અને જરૂરી ઈન્જેક્શન લાવવા માટે દર્દીના સગાઓને તાકીદ કરાઈ. ધોમધખતા તાપમાં રવિવાર હોવા છતાં પરિવારે મોડાસા, અમદાવાદ અને છેવટે હિંમતનગરની રઝળપાટ કરી મોંઘુ ઈન્જેક્શન ખરીદી લાવ્યા વાત્રકની કોવિડ હોસ્પિટલમાં જવાબદાર સ્ટાફને દર્દીને બચાવવા માટે ઈન્જેક્શન આપ્યું તો જવાબ મળ્યો કે અમે આ ઈન્જેક્શન ન આપી શકીએ કારણ કે હોસ્પિટલમાં એમ.ડી. ડૉક્ટર નથી. દર્દીના સગાઓ મૂંઝવણમાં મૂકાયા છેવટે બાયડના ખાનગી ડૉક્ટરને બોલાવવાનો નિર્ણય કર્યો પરંતુ ત્યાં સુધીમાં દર્દીની હાલત વધુ ક્રીટીકલ બની અને જીવ બચાવવા માટેનું ઈન્જેક્શન હોવા છતાં તજજ્ઞ ડૉક્ટરના અભાવે વાત્રકની કોવિડ હોસ્પિટલ વધુ એક દર્દીને ભરખી ગઈ. એક સમય એવો હતો કે સમયસર વેન્ટીલેટર મળ્યું હોત તો પણ કદાચ દર્દીને બચાવી શકાયો હોત પરંતુ સરકારે લાખો રૂપિયાના ખર્ચે આપેલું વેન્ટીલેટર ઓપરેટરના અભાવે ધૂળ ખાઈ રહ્યું છે. રાજ્ય સરકાર અને રાજ્યના આરોગ્ય વિભાગે અરવલ્લી જિલ્લા તેમજ વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં ખાડે ગયેલી આરોગ્ય સેવાઓની જાણકારી મેળવી બેદરકાર આરોગ્ય અધિકારીઓ સામે પગલાં ભરે તેવી સરસોલીના લોકોએ માંગ કરી છે.



#### પૂરતી સુવિધા ન હોય તો કોવિડ હોસ્પિટલ બંધ કરો : આક્રોશ

વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં ડૉક્ટર સહિત વેન્ટીલેટરની પૂરતી સુવિધા નથી જેના કારણે સરસોલીના આશાસ્પદ યુવાન અલ્પેશ પટેલનું કોરોનાથી મોત નિપજ્યું છે તેવો આક્રોશ વ્યક્ત કરી વસાદરાના મહેશ પટેલે જણાવ્યું કે પૂરતી સુવિધા ન હોય તો કોવિડ હોસ્પિટલો બંધ કરી દો. દર્દીઓ અને તેમના સગાઓને ભગવાન ભરોસે છોડી દો. કોવિડ હોસ્પિટલની ગંભીર બેદરકારીથી અલ્પેશ પટેલ જેવા ઘરના કમાઉ દિકરાનું મોત નિપજતાં પરિવાર ઉપર આભ ફાટ્યાની સ્થિતિ છે.

#### હોસ્પિટલના એમ.ડી. સહિત અન્ય ડૉક્ટર કોરોનાથી સંક્રમિત

વાત્રકની કોવિડ હોસ્પિટલમાં ડૉ.મેહૂલ શાહની કોરોના સંક્રમણ વખતની સેવાઓ બિરદાવવા લાયક રહી છે પરંતુ તાજેતરમાં જ ડૉક્ટર તથા તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થતાં હોમ ક્વોરન્ટાઈન છે. કોરોનાગ્રસ્ત ડૉક્ટરની ડ્યુટી કોવિડ હોસ્પિટલમાં પણ હતી પરંતુ કોરોનાના કારણે તેમની ગેરહાજરીમાં એક પછી એક હોસ્પિટલ વિવાદમાં ઘેરાઈ રહી છે. જ્યારે અન્ય સાથી ડૉક્ટર પણ કોરોનાથી સંક્રમિત હોવાથી હોસ્પિટલમાં માત્ર સામાન્ય સ્ટાફ ઉપર જ કોરોના ગ્રસ્ત ગંભીર દર્દીઓની જવાબદારી આવી પડી છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાની ચેઈન તોડવા ૧૫ દિવસના લૉકડાઉનની તરફેણ

### બે દિવસના સ્વયંભૂ સજ્જડ બંધ પછી સોમવારે બજારોમાં ભીડ, કોરોના સંક્રમણ બેકાબુ થવાની દહેશત

જિલ્લામાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ ખાલી નથી, ખાનગી હોસ્પિટલોમાં પણ આવી સ્થિતિ છે. આજથી કોરોનાના કેસમાં વધુ ઉછાળો આવવાની વૈજ્ઞાનિકોએ આશંકા વ્યક્ત કરી છે ત્યારે કોરોનાની ચેઈન તોડવા ૧૫ દિવસના લૉકડાઉનની મોટાભાગના લોકો અને કેટલાક વેપારીઓએ અંદરખાને તરફેણ કરી છે. શનિ-રવિ બે દિવસના સ્વયંભૂ સજ્જડ બંધ પછી સોમવારે જિલ્લાના તમામ બજારોમાં એટલી હદે ભીડ જામી કે કેટલાક વિસ્તારોમાં ટ્રાફીકજામના દ્રશ્યો જોવા મળ્યા આ રીતે બે દિવસના સ્વયંભૂ બંધ પછીના દિવસે આંશિક લૉકડાઉન દરમ્યાન ખરીદી માટે બેકાબુ ભીડ ઉમટે તો તેનો કોઈ અર્થ સરતો નથી. ઉલટાનું કોરોના સંક્રમણ બેકાબુ બનવાની દહેશત વ્યક્ત થઈ છે.

પાછલા ૨૪ કલાક દરમ્યાન સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસ ૮૭નો આંકડો પાર કરી ગયા છે જે પાછલા ૧૩ મહિનાના એક જ દિવસના સર્વાધિક કેસ છે. પરંતુ ખાનગી આંકડો ૨૦૦ થી વધુ હોવાની સંભાવના નકારી શકાતી નથી. કોરોનાનું સંક્રમણ વધતાં હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, તલોદના વેપારીઓએ શનિ-રવિ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કર્યો છે. આશ્ચર્ય વચ્ચે તંત્રની કોઈપણ પ્રકારની ઘોષણા વગર વેપારીઓ સ્વયંભૂ લૉકડાઉનને અપનાવ્યું કારણ કે કોરોનાનું સંક્રમણ બેકાબુ થતાં અટકાવી શકાય. લગ્નસરાની સીઝનમાં ધંધો-રોજગાર બંધ રાખવો મુશ્કેલ છે છતાં વેપારીઓએ એક્તાથી કરી દેખાડ્યું છે. પરંતુ સોમવાર સવારથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારની પ્રજાએ ખરીદી માટે ભીડ એકત્ર કરી તેના કારણે ચિંતા વધી છે. બજારોમાં ખરીદી માટે એટલી હદે ભીડ હતી કે જાણે કે ગમે ત્યારે સરકાર લૉકડાઉનનો અમલ કરશે. જિલ્લામાં કોરોનાના દૈત્યને હરાવવા માટે ૧૫ દિવસનું લૉકડાઉન અમલી બનાવવું જોઈએ તેવો સાર્વત્રિક મત લોકોમાંથી બહાર આવી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં તો અંગેના મેસેજ સોશ્યલ મીડીયામાં વાયરલ થયા છે.





# અરવલ્લીમાં કોરોના વધુ ૪ દર્દીને ભરખી ગયો, મૃત્યુ દર વધતાં દહેશત વધી

### મોડાસા, વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં અસુવિધાઓની વ્યાપક ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

અરવલ્લીમાં કોરોના પાછલા ૨૪ કલાક દરમ્યાન વધુ ૪ દર્દીને ભરખી ગયો. મૃત્યુ દર વધતાં દહેશતનો માહોલ છે. કોરોનાના બેકાબુ બનેલા સંક્રમણમાં હવે પ્રજા સ્વયં ઘરમાં પુરાઈ રહે તો જ કોરોના સંક્રમણમાં રાહત થાય. મોડાસા, વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં અસુવિધાઓની વ્યાપક ફરિયાદો સામે આવી છે જેના કારણે સ્થાનિક તંત્ર અને આરોગ્ય વિભાગની છબી ખરડાઈ છે.

અરવલ્લી જિલ્લામાં પ્રથમવાર કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યો હોવાનું દર્શાવાયું છે. પરંતુ સ્થિતિ દિવસે..દિવસે વધુ કથળી રહી છે. સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓ માટે બેડ ઉપલબ્ધ ન હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. કોરોનાની પ્રથમ લહેર દરમ્યાન જિલ્લાના કોરોનાગ્રસ્ત દર્દી અને તેમના સગાઓ કોવિડ હોસ્પિટલના સ્ટાફને ભગવાનની જેમ પૂંજતા હતા અને દર્દીઓની જીવના જોખમે સેવા પણ કરી હતી પરંતુ પાછલા એક સપ્તાહના બનાવોએ જિલ્લાની પ્રજાને હચમચાવી નાખી છે. ગત રોજ ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં ડૉક્ટર અને સ્ટાફ દ્વારા કોરોનાના દર્દી અને સગાઓ સાથે થયેલો ખરાબ વ્યવહાર જગજાહેર છે અને મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાંથી મૃતદેહ બદલાઈ જવાની ગંભીર બેદરકારી સામે આવી અને ત્યાર પછી પણ સરકારી કોવિડ હોસ્પિટલમાં અસુવિધાઓની વ્યાપક ફરિયાદો દર્દીઓના સગાઓ જણાવતા રહ્યા. સ્વાભાવિક છે કે સતત કામગીરીના કારણે આરોગ્ય સ્ટાફ તણાવ હેઠળ હોય પરંતુ તેનો મતલબ એ નથી કે દર્દીઓ અને તેમના સગાઓ સાથે અસભ્ય વર્તાવ કરવો. પાછલા ૨૪ કલાકમાં મોડાસાની કોવિડ હોસ્પિટલમાં ૪ અને વાત્રકની કોવિડ હોસ્પિટલમાં એક દર્દી સાથે ૪ દર્દીના મોત નિપજ્યા છે. પરંતુ આરોગ્ય વિભાગ કોરોનાના કારણે કેટલા દર્દીઓના મોત નિપજ્યા તેનો આંકડો કેટલો જાહેર કરે છે તેના ઉપર સૌની મીટ મંડાયેલી છે.

#### વાત્રક હોસ્પિટલમાં ઓક્સિજનનો વપરાશ વધ્યો, બોટલના સ્થળાંતરમાં સ્વયં સેવકો જોડાયા

રાજ્ય સહિત જિલ્લામાં કોરોના બેકાબુ બન્યો છે. ઓક્સિજનના વપરાશમાં ઉછાળો આવ્યો છે. મોડાસા અને વાત્રકની કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનનો વપરાશ વધ્યા પછી ઓક્સિજન બોટલના સ્થળાંતર કરવા માટે હવે સ્વયં સેવકો મદદે આવ્યા છે. વડાગામના સ્વયં સેવકો ઓક્સિજન બોટલની સ્થળાંતર કામગીરીમાં જોડાયા છે.




# કોરોના સામે લડત : ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટ, હિંમતનગરના વિદ્યાર્થીઓની અપીલ

### કામ સિવાય બહાર ન નિકળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાની બીજી લહેરમાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે, મૃત્યુદર ઉંચકાયો છે, પ્રજામાં ભય છવાયો છે ત્યારે હિંમતનગર સ્થિત ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ કોરોના સામેની લડતમાં પ્રજાને હિંમત રાખવા માટે મોટીવેશન આપી રહ્યા છે. કોલેજના છાત્રોએ કોરોના મહામારીને ધ્યાનમાં રાખી એક ટૂંકા મેસેજ દ્વારા લોકોને કામ સિવાય બહાર ન નિકળવા અપીલ કરી હતી. ‘‘બેટલ કેન બી-બી વિન બાય સ્ટેઈંગ એટ હોમ‘‘ સ્ટે હોમ સ્ટે સેફ..

# સ્વયંભૂ લૉકડાઉન બેઅસર : ઉત્તર ગુજરાતમાં બેકાબુ કોરોના, દૈનિક સંક્રમિત કેસ ૪૦૦૦ને પાર

### મહેસાણામાં સૌથી વધુ વિસ્ફોટક સ્થિતિ, બે દિવસમાં જ સંક્રમિત દર્દીઓમાં ઉછાળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ઉત્તર ગુજરાતના મોટાભાગના શહેરી વિસ્તારોમાં વેપારીઓનું શનિ-રવિ બે દિવસનું સ્વયંભૂ લૉકડાઉન જડબેસલાક રહ્યું. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતમાં કોરોના બેકાબુ થયાનું ચિત્ર ઉપસ્યું છે. દૈનિક સંક્રમિત કેસ ૪૦૦૦ને પાર કરી ગયા છે. ૫ જિલ્લામાં ૪૧૩૨ સંક્રમિત કેસ સામે આવ્યા છે. મહેસાણામાં સ્થિતિ વધુ વિસ્ફોટક બની રહી છે. મહેસાણા જિલ્લામાં એક જ દિવસમાં ૧૯૨૨ સંક્રમિત કેસ નોંધાયા છે.

**પાછલા ૨૪ કલાકમાં સંક્રમિત કેસ..**

| જિલ્લો | સંક્રમિત કેસ સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૧૯૨૨ |
| પાટણ | ૧૦૬૭ |
| સાબરકાંઠા | ૪૧૯ |
| અરવલ્લી | ૨૧૮ |
| બનાસકાંઠા | ૫૦૬ |

કોવિડ-૧૯ના કેસમાં ધરખમ વધારો થતાં પ્રજામાં ગભરાહટ ફેલાયો છે. એકાએક કેસ વધવા અને મૃત્યુ દરમાં ઉછાળો કેમ આવ્યો..?? તે સંશોધનનો વિષય છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓના વધુ ને વધુ મોતના આંકડા સામે આવ્યા છે. આજ સ્થિતિ ચાલુ રહી તો ઉત્તર ગુજરાતમાં હજુ ભયાનક સ્થિતિના અણસાર છે. કોરોના વેક્સિન લેનાર અને નહીં લેનાર પણ કોરોનાના ચેપથી બાકાત નથી. વેક્સિનેશનમાં જાગ્રતતા દેખાઈ પરંતુ એ સાથે કેસમાં ઉછાળો આવતાં કેટલાક લોકો વેક્સિન બાબતે પણ તેમના અભ્યાસ પ્રમાણે શંકા કરી રહ્યા છે. જાણીતા ડૉક્ટરોએ પણ ચેતવણી આપી છે કે પ્રજાએ હવે સાવધ રહેવું પડશે. કોરોના સામેની લડાઈ માત્ર ૧-૨ દિવસ પૂરતી નથી પરંતુ ૨-૩ વર્ષ સુધી કોરોના સામે સંઘર્ષ કરવો પડશે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પાછલા એક સપ્તાહમાં કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યો તે ચિંતાજનક છે. દરરોજ પોઝિટિવ કેસમાં ઉછાળાએ ખુદ આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી દીધી હશે. જે રીતે ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે તે ઘણું બધું કહી જાય છે. ઓક્સિજન રીફીલીંગ સેન્ટર ઉપર સરકારી અધિકારીઓને નિગરાની માટે મોકલવામાં આવ્યા તે જોતાં આગામી દિવસોમાં પ્રજાએ કોરોના સામે અનેક માઠાં પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

#### કોરોના મે ના અંતમાં નબળો પડી શકે છે, ત્યાર પછી ત્રીજી લહેર..!!

કોરોનાનું સંક્રમણ બીજી લહેરમાં જ સરકાર અને આરોગ્ય વિભાગને હચમચાવી રહ્યું છે. કોરોના અંગેના તમામ અનુમાનો ખોટા ઠર્યા છે. રાજ્યમાં જે રીતે કોરોનાનો નવો સ્ટ્રેન હાવિ થઈ ગયો છે અને તરખાટ મચાવે છે તે જોતાં મે. મહિનાના અંતમાં કોરોનાની બીજી લહેર નબળી પડશે અને દિપાવલી પર્વ દરમ્યાન ત્રીજી લહેરની આશંકા વ્યક્ત થઈ રહી છે.

# આકરૂન્દ વેપારી એસોસીએશન દ્વારા ૧૦ દિવસ આંશિક લૉકડાઉન

### સવારે ૭ થી બપોરે ૨ સુધી બજાર ખુલ્લું રહેશે

આકરૂન્દ, તા.૧૯

ધનસુરા તાલુકાના આકરૂન્દ પંથકમાં કોરોનાને હરાવવા માટે વેપારીઓ સજ્જ બન્યા છે. આકરૂન્દ વેપારી એસોસીએશન દ્વારા ૧૦ દિવસના આંશિક લૉકડાઉનની જાહેરાત કરી સોમવારે બપોરે ૨-૦૦ પછી તમામ બજારો સ્વયંભૂ બંધ રહ્યા હતા. વેપારી અગ્રણી જૈમિન શાહના જણાવ્યા અનુસાર કોરોનાની બીજી લહેરમાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય તે ઉદ્દેશ્યથી આકરૂન્દ વેપારી એસોસીએશનની યોજાયેલી બેઠકમાં તા.૧૯ એપ્રિલ થી ૧૦ દિવસનું આંશિક લૉકડાઉન વેપારીઓએ જાહેર કર્યુંછે. સવારે ૭-૦૦થી બપોરે ૨-૦૦ સુધી આકરૂન્દમાં ધંધા-રોજગાર ચાલુ રહેશે. જ્યારે આવશ્યક સેવાઓમાં સમાવિષ્ટ મેડીકલ અને દૂધના પાર્લર ખુલ્લા રહેશે તેમ જણાવ્યું હતું.



#### ભિલોડાની લીલછા ગ્રામ પંચાયતમાં આંશિક લોકડાઉન, લગ્ન, વરઘોડા-રાસગરબા ઉપર પ્રતિબંધ

ભિલોડા તાલુકાની લીલછા ગ્રામ પંચાયત દ્વારા કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે આંશિક લૉકડાઉન જાહેર કર્યું છે. સવારે ૬-૦૦ થી ૧૧-૦૦ અને સાંજે ૫-૦૦ થી ૮-૦૦ ધંધા-રોજગાર ખુલ્લા રહેશે. ગામમાં લગ્ન પ્રસંગે વરઘોડા કે રાસગરબા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.